Name :- Sangar Rahul Valji Bhai

Subject :- Coc Course BSF

Roll No :- 165

College :- R.R. Lalan. C

PNR No :- CoC 2025165

Paper Code :- MJ - BAF - 101

Student Sing :- S.R.V

સંગાર રાહુલ.v
S.Y.v



1. આર. બી. આઈની નાણાકીય નીતિ વિસ્તૃત રીતે સમજાવો.

જવાબ->

(પ્રસ્તાવના)

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) ભારતનું કેન્દ્રીય બેંક છે, જે 1935 માં સ્થાપિત થયું હતું. તેનું મુખ્ય કાર્ય ભારતની આર્થિક સ્થિરતા જાળવવાનું છે, જેમાં નાણાકીય નીતિ એક મહત્વપૂર્ણ ભાગ છે. નાણાકીય નીતિ દ્વારા RBI આર્થિક વૃદ્ધિ, મોંઘવારી ના નિયંત્રણ, રોજગાર અને નાણાકીય ક્ષેત્રની સ્થિરતા પર અસર કરે છે. આ RBI ની મોનિટરી પોલિસી કમિટી દ્વારા નક્કી કરવામાં આવે છે, જે 2016 માં સ્થાપેલી છે, અને તેમાં 6 સભ્યો હોય છે.

-> (નાણાકીય નીતિ શું છે?)

નાણાકીય નીતિ એ એક એવો સાધનોનો સમૂહ છે જેનો ઉપયોગ રાષ્ટ્રની મધ્યસ્થ બેંક દ્વારા એકંદર નાણાં પુરવઠાને નિયંત્રિત કરવા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવે છે.

-> (નાણાકીય નીતિના પ્રકારો)

1. વિસ્તારવાદી નાણાકીય નીતિ
2. સંકોચવાદી નાણાકીય નીતિ
3. તટસ્થ નાણાકીય નીતિ

આ ત્રણે નાણાકીય નીતિઓના પ્રકારો દેશના આંતરિક અર્થતંત્ર ઉપર અને અન્ય દેશો સાથેના આર્થિક વેપાર ઉપર અલગ-અલગ અસરો ઉત્પન્ન કરે છે.

(1) વિસ્તારવાદી નાણાકીય નીતિ

અંગાર રાજુલ .V
ડ.ભ.V

" પૈસા વધારો, વ્યાજ ઘટાડો, અર્થતંત્ર ચલાવો. "

| લક્ષણ | વર્ણન |
| --- | --- |
| ઉદ્દેશ્ય | આર્થિક વૃદ્ધિ વધારો, બેરોજગારી ઘટાડવી મંદી દૂર કરવી. |
| સાધનોનો ઉપયોગ | રિપો રેટ ઘટાડો<br>CRR / SLR ઘટાડો<br>OMO દ્વારા બોન્ડ્સ ખરીદી<br>રિવર્સ રિપો ઘટાડો |
| અસર | લોન સસ્તી → રોકાણ ↑<br>ખર્ચ વધે → ઉદ્યોગો ચાલે<br>GDP વૃદ્ધિ ↑ |
| જોખમ | મોંઘવારી વધી શકે (જો વધુ પડતું થાય) |
| ઉદાહરણ (2020) | Covid-19 માં રિપો રેટ 4.00% સુધી ઘટાડ્યો, CRR 3% કર્યો → ₹ 10 લાખ કરોડની લિક્વિડિટી ઉમેરાઈ |

(2) સંકોચવાદી નાણાકીય નીતિ

" પૈસા ઘટાડો, વ્યાજ વધારો, મોંઘવારી રોકો "

| લક્ષણ | વર્ણન |
| --- | --- |
| ઉદ્દેશ્ય | મોંઘવારી નિયંત્રણ, અર્થતંત્ર ને "ઓવરહીટ" થવાથી બચાવવું |

અંગાર રાહુલ.v

S.R.V



| | |
|---|---|
| સાધનોનો ઉપયોગ | રિપો રેટ વધારો<br>CRR / SLR વધારો<br>OMO દ્વારા બોન્ડ્સ વેચાણ<br>રિવર્સ રિપો વધારો |
| અસર | લોન મોંઘી → ખર્ચ ઘટે<br>ક્રેડિટ ઘટે → માંગ ઘટે<br>મોંઘવારી ↓ |
| જોખમ | વૃદ્ધિ ધીમી પડી શકે |
| ઉદાહરણ (2022-23) | મોંઘવારી 7.8% પર → રિપો રેટ 6.50% સુધી વધાર્યો, OMO થી ₹2 લાખ કરોડ શોષાયા → CPI 5% નીચે આવી. |

(3) <u>તટસ્થ નાણાકીય નીતિ</u>

"સંતુલન જાળવો - ન વધારો, ન ઘટાડો"

| લક્ષણ | વર્ણન |
|---|---|
| ઉદ્દેશ્ય | મોંઘવારી અને વૃદ્ધિ વચ્ચે સંતુલન. |
| સ્થિતિ | જ્યારે અર્થતંત્ર સ્થિર હોય |
| સાધનો | રેટમાં કોઈ ફેરફાર નહીં<br>લિક્વિડિટી સ્થિર રાખવી<br>OMO / MSF નો મર્યાદિત ઉપયોગ |

સંગાર રાહુલ .વ
ક.ભ.વ



અસર અર્થતંત્ર સ્થિર નીતિથી આવે

ઉદાહરણ ઓક્ટોબર 2025 માં રેપો 6.50% પર સ્થિર, CPI 4.8%, GDP 7.0%.
-> "Neutral stance"

-> ( નાણાકીય નીતિના મુખ્ય ઉદ્દેશો )

1) મોંઘવારી નિયંત્રણ - RBI નો પ્રાથમિક ધ્યેય 4% મોંઘવારી ભજવવાનો છે, જેની ±2% ટોલરન્સ છે. આ 2016 ના નાણાકીય નીતિ ફ્રેમવર્ક હેઠળ નક્કી થયું છે.

2) આર્થિક વૃદ્ધિ - GDP વૃદ્ધિને પ્રોત્સાહન આપવું, ખાસ કરીને નબળી વૃદ્ધિના સમયે.

3) નાણાકીય સ્થિરતા - બેંકમાં મૂડીની પર્યાપ્તતા, લિક્વિડિટી અને નાણાકીય ક્ષેત્રનું જોખમ ઘટાડવું.

4) રોજગારી અને વિનિમય દર - રોજગારી વધારવી અને રૂપિયાના મૂલ્યને સ્થિર રાખવું.

-> ( નાણાકીય નીતિના સાધનો )

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તેની નાણાકીય નીતિને અમલમાં મૂકવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ સાધનોનો ઉપયોગ કરે છે, આ સાધનો દ્વારા RBI લિક્વીડિટી, વ્યાજ દરો અને બેંકોની ક્રેડિટ આપવાની ક્ષમતાને નિયંત્રિત કરે છે.

મંગાર રાહુલ.વી
ડ.જ.વી



-> ( નાણાકીય નીતિની વિવિધ અસરો )

1) ફુગાવો :-
નીચા વ્યાજદરથી માંગ વધે છે, જેનાથી ફુગાવો વધી શકે છે. ઊંચા વ્યાજદરથી માંગ ઘટે છે, જે ફુગાવાને નિયંત્રણમાં રાખે છે.

2) બેરોજગારી :-
વિસ્તરણીય નીતિથી વ્યવસાયો વધુ રોકાણ કરે છે, જેનાથી નોકરીઓ વધે છે અને બેરોજગારી ઘટે છે.

3) રોકાણ અને બચત :-
નીચા વ્યાજદરથી લોન સસ્તી થાય છે, જે રોકાણને પ્રોત્સાહન આપે છે. ઊંચા વ્યાજદરથી બચત વધે છે, પરંતુ રોકાણ ઘટે છે.

4) વિનિમય દર :-
ઊંચા વ્યાજદરથી વિદેશી મૂડી આકર્ષિત છે, જેનાથી રૂપિયો મજબૂત થાય છે. નીચા વ્યાજદરથી મૂડી બહાર વહે છે, જે રૂપિયાને નબળો પાડે છે.

5) બેંકિંગ અને નાણાકીય સ્થિરતા :-
CRR, SLR જેવા સાધનોથી બેંકોની લિક્વિડિટી નિયંત્રિત થાય છે. અતિ વિસ્તરણથી નાણાકીય અસ્થિરતા વધી શકે છે.

6) આર્થિક વૃદ્ધિ :-
વ્યાજદર ઘટાડીને અને પૈસાનો પુરવઠો વધારીને રોકાણ અને ખર્ચ વધે છે, જેનાથી GDP વૃદ્ધિ થાય છે.

# નાણાંકીય નીતિની સામાન્ય લોકો પરની અસરો

| અસરનું ક્ષેત્ર | વિસ્તરણની નીતિ | સંકોચનકારી નીતિ |
|---|---|---|
| લોન અને EMI | હોમ/કાર લોન સસ્તી -> EMI ઘટે સામાન્ય લોન પર 500-2000 | EMI વધે -> બોજો વધે |
| બચત અને FD | બચત ખાતા/FD વ્યાજ ઘટે -> બચતનું વળતર ઓછું | FD પર વ્યાજ વધે -> વરિષ્ઠ નાગરિકોને ફાયદો |
| ખર્ચ અને ખરીદી | સસ્તી લોન -> કાર, ઘર, મોબાઈલની ખરીદી વધે | મોંઘી લોન -> ખર્ચ ઘટે, બજાર ધીમું |
| નોકરી અને આવક | વ્યવસાય વધે -> નોકરીઓ વધે, પગાર વધારો | મંદી -> છટણી, પગાર ફ્રીઝ |
| ફુગાવો અને કિંમતો | વસ્તુઓ મોંઘી -> દાળ-શાક(ભાજી) ના ભાવ વધે | કિંમતો ઘટે -> બજારમાં રાહત |
| શેરબજાર/મ્યુચ્યુઅલ ફંડ | રોકાણ વધે -> બજાર ઉછળે | રોકાણ ઘટે -> બજાર ઘટે |